# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/ક્વા-03/૨૦૨૨-૨૩/૦૧ તા. ૩૧/૦૧/૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૫/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ઇન્ટરટેક ઈન્ડિયા પ્રા. લી ગામ – જામનગર

સબડીવીઝન: દરેડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જામનગર શહેર- ૨

**:: ફોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: બુધવાર (૨૧-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૧૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ હતા

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,

The undersigned is an authorized representative of Intertek India Pvt. Ltd. and as such authorized to make complaint/raise grievances before your good self for and on behalf Intertek India Pvt.

It is submitted that the premises where the Meter No. PG-656321 under Customer Number 62403040398, is installed was taken on lease by Intertek India Private Limited from M/s Shiv Coal Trading Co. vide a registered lease deed dated 20 July 2015 for a period of nine (9) years

commencing with effect from 01" August 2015 upto July 2024 in terms of the said lease deed, the electricity charges in relation to the Customer Number 62403040398 is to be by our company directly to Paschim Gujarat Vij Company Ltd. ("PGVCL") as per the meter reading.

It is submitted that after taking the premises on lease of M/s Shiv Coal Trading Co., our company has been paying the electricity bills raised by PGVCL in reference to the referred Customer Number 62403040398 regularly and without any default.

The details of bills raised by PGVCL form the month of February 2022 up to August 2022 in relation to Customer No. 62403040398 are given as below for your ready reference along with copies of the bills as Annexure 1:

| Bill Month | Bill Date | Past Reading | Present Reading | Bill Amount (In Rs.) |
|---|---|---|---|---|
| February 2022 | 19.02.2022 | 34621 | 34816 | 3199.50 |
| March 2022 | 15.03.2022 | 34816 | 35122 | 4135.32 |
| April 2022 | 20.04.2022 | 35122 | 35733 | 6730.50 |
| May 2022 | 21.05.2022 | 35733 | 36322 | 6541.81 |
| June 2022 | 21.06.2022 | 36322 | 36730 | 5213.00 |
| July 2022 | 25.07.2022 | 36730 | 37180 | 5481.00 |
| August 2022 | 29.08.2022 | 37180 | 37971 | 8543.75 |

The payments in respect of above bills were duly paid by our company on time. But surprisingly for the month of September 2022 an Electricity Bill dated 24th September 2022 with reference to subject Customer Number 62403040398 (Meter No. PG-656321) was received by us from PGVCL for an amount of 30,10,691.83/-- wherein the Past meter reading was mentioned as 37971 units whereas the present meter reading was referred as 383841 units thereby making a meter reading difference of 345870 unit Since the meter reading difference and the bill amount for the month of September 2022 was very high in comparison to previous bills raised by PGVCL accordingly our company raised concerns/grievances about the same to Deputy Engineer PGVCL Sub-Division, dared Jamnagar Gujarat vide letter dated 03rd October 2022 The copy of which is enclosed as **Annexure 2.**

The letter dated 03rd October 2022 was duly received by PGVCL on the same date but surprisingly without taking any action to resolve the grievances / concerns raised a notice dated 10th October 2022 was suddenly issued by PGVCL thereby directing the consumer i.e. Shiv Coal Trading Co. to pay electricity bill of Rs.30,10,691.83/- in relation to customer number 62403040398 as per rule 7.53 of supply code 2015 Subsequently the meter was taken away by PGVCL for testing.

It is submitted that in the said Notice the reason of such exorbitant bill was informed by PGVCL that it was due to human error on part of PGVCL's contractor in electricity meter reading which was not correctly recorded by PGVCL contractor in last 07 years and hence the consumer is liable to pay the amount of INR 30,10,691.83/- on this amount.

It is humbly submitted that our company was neither aware about any such human error or negligence on part of PGVCL contractor in electricity meter reading as now informed nor were ever informed about the same at any point of time in past since the year 2015 expect through aforementioned Notice dated 10th October 2022 and during verbal discussions.

It is further humbly submitted that our company is neither in any unauthorized use of electricity nor has ever code any default in payment of electricity bills raised by PGVCL since the year 2015 till date As such the consumer/our company cannot be penalized for error / negligence of PGVCL contractor the loss of any suffered by PGVCL on this account may be recoverable from PGVCL's contractor and not from the consumer/our company for PGVCL contractor.

It is further humbly submitted that even though our company is not liable for negligence of PGVCL's contractor in meter reading but to prevent disconnection and business interruption our company vide its letter dated 16th November 2022 without prejudice and in good faith even requested PGVCL to consider payment of the said amount in installments while waving any penalty or interest thereon considering there being no fault on part of consumer/our company as our company is not able to pay the said amount together in one go. But the said request has been turned by PGVCL with cold hand.

Thus being aggrieved with action of PGVCL as mentioned above our company has no other option but to approach your good self for resolution of its grievances against exorbitant billing by PGVCL for the month of September 2022 for our no fault.

Under the facts and circumstances mentioned above your good self is humbly requested to kingly look in to the above grievances of consumer/ our company in the interest of justice towards exorbitant billing against Customer Number 62403040398 and direct:

a) Waiver of an amount of Rs. 30,10,691.83 claimed in electricity bill dated 24th September 2022 covering meter reading in last 07 years,

b) Waiver of any penalty or interest on the said amount; and

c) Not to disconnect electricity in relation to Customer Number 62403040398 on this account.

Or

d) Any other resolution towards redressal of our grievances as your good self may deem fit and proper in the interest of justice and fair play.

In case any clarification is required in this regard, your good self is requested to grant us a reasonable and sufficient opportunity of personal hearing to represent our case before your good self. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી શિવ કોલ ટ્રેડિંગ કંપની ( ઈંટરટેક ઈન્ડિયા પ્રા લિ.) ગ્રા.નં. ૬૨૪૦૩/૦૪૦૩૯/૮ ની ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા.૧૮,૧૧,૨૦૨૨ ના રોજ ફરિયાદ અરજી કરેલ છે. જેના કેસ નંબર ૦૪૫/કવા-03/૨૦૨૨-૨૩ અપાયેલ છે.સદર ફરિયાદ નો અહેવાલ નીચે મુજબ છે.

અરજદાર નું નામ - શ્રી શિવ કોલ ટ્રેડિંગ કંપની ( ઈંટરટેક ઈન્ડિયા પ્રા.લિ.)

અરજદાર નું સરનામું - જીઆઈડીસી-3, પ્લોટ ન.૪૦૫૬, શોપ નં.- ૨૦૩–૨૦૪,

ફરિયાદ નંબર - ૦૪૫/કવા-03/૨૦૨૨-૨૩

3.૧ દરેડ પેટાવિભાગ ના ગ્રાહક શ્રી શિવ કોલ ટ્રેડિંગ કંપની (ઈટરટેક ઇન્ડિયા પ્રા લી.) દ્વારા આપવામાં આવેલ અરજી ના જવાબ માં જણાવવાનું કે,

(૧) દરેડ પેટાવિભાગ હેઠળ આવેલ ગ્રાહક શ્રી શિવ કોલ ટ્રેડિંગ કંપની (ઈટરટેક ઇન્ડિયા પ્રા લી.) ગ્રા.નં. ૬૨૪૦3/૦૪૦3૯/૮ ના નામે પ્લોટ ન. ૪૦૫૬ શોપ ન. ૨૦૩-૨૦૪ જીઆઇડીસી- ફેસ-3, દરેડ જામનગર ખાતે ૨૦ kw નું NRGP ટેરિફ મુજબ નું વીજ જોડાણ તા. ૧૯.૧૦.૨૦૧૫ થી ધરાવે છે.

(૨) અરજદારને સપ્ટે.૨૨ બિલ્ડ ઇન ઍક્ટો. ૨૨ ના બિલિંગ દરમિયાન મીટર રીડર દ્વારા તા.૨૪ ૦૯.૨૦૨૨ ના રોજ નીચે મુજબ ૩૪૫૮૭૦ યુનિટના વપરાશનું રકમ રૂ. ૩૦,૧૦,૬૯૧.૮૩ પૈસા નું વીજ વપરાશ નું બિલ આપવામાં આવેલું છે.

હાલ ના રીડિંગ ૩૮૩૮૪૧

પાછલા રીડિંગ ૩૭૯૭૧

કુલ વપરાશ ૩૪૫૮૭૦ યુનિટ

(3) અરજદાર દ્વારા સદર બિલ અંગે તા.૩,૧૦,૨૦૨૨ ના રોજ વાંધા અરજી આપેલ હતી જેના અનુસંધાને તા.૧૫,૧૦,૨૦૨૨ ના રોજ ચેકિંગ સીટ નંબર ૬૧૨૧ મુજબ અરજદાર નું મીટર બદલાવવામાં આવેલ છે. મીટર બદલી વખતે અરજદારે કુલ ૨૬.૫૮ KW લોડ જોડેલ છે.

(૪) સદર મીટરનું અત્રેની લેબોરેટરીમાં તા.૪.૧૧.૨૦૨૨ના રોજ અરજદાર ના પ્રતિનિધિ શ્રી જયંતીલાલ કે.કોરિગા ( મેનેજરઃ શિવ કૌલ ટ્રેડિંગ કંપની) ની હાજરીમાં સીટ નાં ૨૬૩૦૦ મુજબ પરીક્ષણ કરવામાં આવેલ છે. લેબ- પરીક્ષણ દરમિયાન મીટર નો એમ.આર.આઈ. પણ લેવામાં આવેલ છે. લેબ રિપોર્ટ અને એમ.આર.આઈ રિપોર્ટ મુજબ ૩૮૬૫૫૬ રીડિંગ આવેલ છે.

(૫) મીટર રીડર દ્વારા કનેક્શન રિલીઝ થયું ત્યારથી TOD મુજબ રીડિંગ લઈને બિલ આપવામાં આવતું હતું. પરંતુ સપ્ટે,૨૨ બિલ્ડ ઇન ઑક્ટો.૨૨ ના બિલિંગ દરમિયાન કયુમૂલેટિવ રીડિંગ ( કુલ રીડિંગ) મુજબ અરજદારને બિલ આપવામાં આવેલ છે.

(૬) ગ્રાહકનો લોડ લેબ રિપોર્ટ અને એમ.આર.આઈ મુજબ માસિક સરેરાશ વપરાશ ૪૦૦૦ યુનિટના વપરાશનો આવે છે. જ્યારે મીટર રીડર દ્વારા માસિક સરેરાશ વપરાશ ૪૫૦ યુનિટના બિલ આપવામાં આવેલ છે.

(૭) અરજદારે વીજ બિલ ની રકમ ભરપાઈ કરવા માટે જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ માસિક હપ્તા કરી આપવા માટે અરજી ( ઇનવર્ડ નં. ૧૧૧ તા.૧૬.૧૧.૨૦૨૨) કરેલ છે.જેમાં તેમના દ્વારા હપ્તા ભરપાઈ કરે તેમાં વિલંબિત ચુકવણી ચાર્જ માફી અંગે રજૂઆત કરેલ હતી. જેના અનુસંધાને અત્રેની દરેડ પેટા વિભાગ દ્વારા કંપની (પીજીવીસીએલ) ના હિત માં અરજદારને જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ માસિક હપ્તા કરી આપેલ છે. પરંતુ હપ્તા પર ભરવાપાત્ર વિલંબિત ચુકવણી ચાર્જ ભરપાઈ કરવા માટે અરજદારને પત્ર નં. ૧૨૬૧ તા.૧૭.૧૧.૨૦૨૨ થી જાણ કરેલી છે.

(૮) અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરવામાં આવેલ છે કે તેમને આપવામાં આવેલ વીજ બિલ રદ કરવું. તેમજ ડિસ-કનેક્શન ન કરવું. જે માન્ય રાખી શકાય નહીં.

(૯) અરજદાર દ્વારા વીજ-બિલ ભરવા માટે હપ્તા કરી આપવાની રજૂઆત માન્ય રાખીને હપ્તા કરી આપેલ છે. પરંતુ હપ્તા પર વિલંબિત ચુકવણી ચાર્જ માફ કરી શકાય નહીં.

૩.૨ આમ, અરજદાર દ્વારા આપ સાહેબશ્રી સમક્ષ ફરિયાદ કરવામાં આવેલ છે કે તેમને આપવામાં આવેલ વીજ બિલ રદ કરવું તેમજ ડિસ-કનેક્શન ન કરવું અને પેનલ્ટી કે વિલંબિત ચુકવણી ચાર્જ વસૂલ ન કરવો. તે માન્ય રાખી શકાય નહીં.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને મીટર બદલાવેલ છે અને તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે. .

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ એકી સાથે પેન્ડિંગ પડેલા યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે બિલિંગ વાઈજ લાગુ પડતાં દર તેમજ સરેરાશ મુજબ ગણતરી કરી ને અરજદાર શ્રી ને ફરીથી બિલ આપવું તેમજ તે રકમ ના માસિક ત્રણ હપ્તા કરી આપવા તે દર માસ ના આવતા વીજ બિલ સાથે અરજદાર શ્રી એ ભરપાઈ કરવાના રહેશે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧